# ‘હવે નાણાં માંગવા આવશો તો જાનથી હાથ ધોવા પડશે’

**સુરતમાં** સાડીના વેપારી સાથે રૂપિયા ૨.૩૭ લાખની છેતરપિંડી

**વિશ્વાસ** કેળવી ઉધારમાં સાડીઓ મંગાવ્યા બાદ નાણાં ન ચૂકવનાર બિહારના દલાલ અને વેપારી સામે ગુનો નોંધાયો

સુરત : ખટોદરા વિસ્તારમાં જથ્થાબંધ સાડીનો વેપાર કરતા વેપારી સાથે બિહારના કાપડ દલાલ અને અન્ય એક વેપારીએ પૂર્વ આયોજિત કાવતરું રચી રૂપિયા ૨.૩૭ લાખથી વધુની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

અડાજણ સ્થિત શાંતિવન એપાર્ટમેન્ટમાં રહેતા ૫૦ વર્ષીય રજનીશ સાવલ લિલ્હા ખટોદરા ખાતે આવેલ સોમા કાનજીકી વાડીમાં સાડીઓનો જથ્થાબંધ વેપાર કરે છે. વર્ષ ૨૦૨૪માં તેમનો કર્મચારી રવિકાંત શર્મા બિહાર ખાતે માલ વેચાણ અર્થે ગયો હતો, જ્યાં તેની મુલાકાત કાપડ દલાલ રવિ દુબે (આરોપી નં. ૨) સાથે થઈ હતી. રવિ દુબેના કહેવાથી ‘અમન ટેક્ષટાઈલ’ના માલિક જલાલભાઈ અહમદને રજનીશભાઈએ રૂપિયા ૬,૭૬,૩૩૪ ની સાડીઓ ઉધાર મોકલી હતી. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ સમયસર પેમેન્ટ કર્યું હતું અને રૂપિયા ૪,૩૮,૮૪૨ ચૂકવી આપ્યા હતા. પરંતુ, બાકી નીકળતા રૂપિયા ૨,૩૭,૪૯૨ ચૂકવવામાં ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા. અંતે જ્યારે વેપારી રજનીશભાઈએ કમિશન એજન્ટ રવિ દુબેનો સંપર્ક કરી ઉઘરાણી કરી ત્યારે તેણે અસલી રંગ બતાવતા જણાવ્યું હતું કે, તમારા નાણાં આપવાના નથી, આવી રીતે અમે ઘણા વેપારીઓ સાથે છેતરપિંડી કરી છે. તમારાથી થાય તે કરી લો અને હવે નાણાં માંગવા આવશો તો જાનથી હાથ ધોવા પડશે. જેથી વેપારી રજનીશ લિલ્હાએ ખટોદરા પોલીસ મથકમાં રવિ દૂબે અન જલાલ અહેમદ સામે ફરિયાદ નોંધાવી હતી.

# રિંગરોડની આદિનાથ માર્કેટમાં આગ

**ગેરકાયદે** માળિયામાં કાપડનો મોટો જથ્થો સંગ્રહિત હોવાથી આગ વિકરાળ બની ગઈ

**૧૨** ફાયર સ્ટેશનની ૧૬ ગાડી દોડી, છ કલાકે આગ કાબૂમાં આવી

**આગને** કાબૂમાં લેવા માટે ૧૦ લાખ લીટર પાણી છાંટવું પડ્યું


(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ દિવાળીના તહેવારોની ટાણે જ સુરતના કાપડ બજારમાં અગ્નિકાંડની એક ગંભીર ઘટના સામે આવી છે. સલાબતપુરા વિસ્તારમાં મોટી બેગમવાડી અને માન દરવાજા સામેની ગલીમાં આવેલા દોરીયાવાડ ખાતેની આદિનાથ ટેક્સટાઈલ માર્કેટમાં સોમવારે સવારે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, ગેરકાયદે બનાવવામાં આવેલા માળિયાને કારણે આગ વધુ વિકરાળ બની હતી

મળેલી વિગતો મુજબ, આદિનાથ માર્કેટના ત્રીજા માળે લલિત ચીમનભાઈની એ-૩ અને બી-૩ બ્લોકમાં આવેલી ‘ફાઈન ડ્રેપ’ નામની કપડાની દુકાન કમ ગોડાઉનમાં સવારે ૧૦:૪૫ વાગ્યે એકાએક આગ ફાટી નીકળી હતી. દુકાનમાં પડદાના કાપડનો મોટો જથ્થો સંગ્રહિત હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આસપાસ ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. 12થી વધુ ફાયર સ્ટેશનની 17 ગાડીઓ સાથે ચીફ ફાયર ઓફિસર બસંત પરીખ અને ૮૦થી વધુ લાશ્કરોનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર જવાનોએ સતત છથી સાત કલાક સુધી ભારે જહેમત ઉઠાવી ૧૦ લાખ લીટર પાણીનો છંટકાવ કરીને આગને અન્ય દુકાનોમાં ફેલાતી અટકાવી હતી અને તેને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

### ફાયર અને ઇલેક્ટ્રિક સેફ્ટી સર્ટિ. નહીં મળે ત્યાં સુધી માર્કેટ બંધ

આ ઘટના બાદ ચીફ ફાયર સેફ્ટી ઓફિસર બસંત પરીકે જણાવ્યું હતું કે, ફાયર સેફ્ટી અને ઇલેક્ટ્રિકલ સેફ્ટીનું સર્ટિફિકેટ ન મળે ત્યાં સુધી આખી માર્કેટ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. આગ પર કાબૂ મેળવ્યા બાદ પણ ભારે ધુમાડો હોવાથી ફાયર વિભાગ દ્વારા લાંબો સમય કૂલિંગની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેલ મહાકુંભ અંતર્ગત 40થી 60 વર્ષની ઉપરના માટે ટેબલ ટેનિસ સ્પર્ધા થઈ



સુરતઃ ખેલ મહાકુંભ અંતર્ગત વેસુ ખાતેની હિલ્સ હાઈસ્કૂલ ખાતે 40 અને 60 વર્ષથી ઉપરના ભાઈઓ તથા બહેનો માટે ટેબલ ટેનિસ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં 60 વર્ષથી ઉપરના ગ્રુપમાં સિંગલ્સમાં મર્ઝબાન ઇટાલીયા ચેમ્પિયન(પ્રથમ ક્રમે) અને નજમી કિનખાબવાલા રનર્સઅપ (દ્વિતીય ક્રમે)વિજેતાજાહેર થયા હતા. 60 વર્ષ ઉપરગ્રુપમાં ટેબલ ટેનિસ ડબલ્સમાં મર્ઝબાન ઇટાલીયા અને ડો. જયેન્દ્ર કાપડિયા ચેમ્પિયન( પ્રથમ ક્રમે) તેમજ મહેન્દ્ર ગોસાઈ અને અજય ચૌધરીરનર્સ અપ( દ્વિતીય ક્રમે) વિજેતા જાહેર થયા હતા. પ્રથમ ક્રમના વિજેતાઓ રાજ્યકક્ષાની ‘ખેલ મહાકુંભ’ની ટેબલ ટેનિસ સ્પર્ધામાં સુરત શહેરનું પ્રતિનિધિત્વ કરશે.

### રામનગરના ગુરુદેવ અવધૂત આશ્રમમાં આજે વિવિધ ધાર્મિક કાર્યક્રમો થશે

સુરતઃ શ્રી ગુરુદેવ અવધૂત આશ્રમ, કરુણાસ્થળી, રામનગર,રાંદેર રોડ, સુરત ખાતે આસો સુદ દશમ, મંગળવાર, તા.૨૦મીએ શ્રી સાંઇનાથ બાબા મહાસમાધિ દિન તથા વિજયાદશમી નિમિત્તે વિજય મુહૂર્તમાં બપોરે ૨-૩૦ ક.થી ધર્મ ધ્વજારોહણ, પુરુષસૂક્ત દ્વારા મહામંગળાભિષેક, પાદુકા પૂજન તથા સાંજે ચાર કલાકે આરતી તે પછી મહાપ્રસાદી થશે.

### સુરત વકીલ મંડળના 200થી વધુ સભ્યોએ ‘પ્રહાર’ મૂવી જોઈ



સુરતઃ સમગ્ર ભારત દેશને હચમચાવી દેનારી આતંકી હુમલો, જે તા. 26મી નવે., 2008ના દિવસે થયો હતો અને તેમાં અનેક લોકો માર્યા ગયા હતા. આ હુમલામાં આતંકવાદી અજમલ કસાબને જીવતો ઝડપી પાડવામાં આવ્યા હતો. આ કેસ 3 વર્ષ ચાલ્યો હતો અને તેમાં સરકારી વકીલ ઉજ્જવલ નિકમે કસાબને ફાંસી અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ઘટનાને અનુલક્ષીને વેસુના INOXમાં ‘પ્રહાર’ મૂવીનું વકીલો માટે સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું. જેમાં પ્રહાર મૂવીમાં વકીલ તરીકે કેવા પ્રકારની ઈમોશનલી ભૂમિકા ભજવવામાં આવી છે તે વકીલોને બતાવવામાં આવ્યું હતું. આ આયોજન લેખક યુવરાજ પોખરના, સુરત શહેરના મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા તથા સુરતના જાણીતા એડવોકેટ દર્શન વાંકાવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિયેશન તેમજ કીર્તિ સેતુ ફાઉન્ડેશને મોટી ભૂમિકા ભજવી હતી. આ સ્પેશિલ સ્ક્રીનિંગમાં વકીલ મંડળના 200થી વધુ સભ્યોએ આ મૂવી નિહાળી હતી.

# બે દિવસથી લાપતા પાંડેસરાના યુવાનનો સચિનના તળાવમાંથી મૃતદેહ મળ્યો

સુરત : મૂળ મહારાષ્ટ્રના વતની 33 વર્ષીય વિશાલ ચુનીલાલ આહીર હાલમાં પાંડેસરાના વડોદ ગામમાં આવેલી સાંઈ મોહન સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો અને લોનના કામ સાથે સંકળાયેલો હતો. શનિવારે બપોરે વિશાલ તેની માતાને કામ અર્થે જવાનું કહી મોપેડ લઈને ઘરેથી નીકળ્યો હતો. સાંજ સુધી તે ઘરે પરત નહીં આવતાં માતાએ ફોન કર્યો હતો. ત્યારે વિશાલે થોડું મોડું થશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ફરી ફોન કરતાં તેણે અડધો કલાકથી એક કલાકમાં ઘરે આવી જવાની વાત કરી હતી. જોકે, રાત્રે 10 વાગ્યા સુધી તે ઘરે પહોંચ્યો નહોતો. સચિન જીઆઈડીસીના દીપલી ગામ નજીક આવેલા તળાવ પાસેથી તેની મોપેડ મળી આવી હતી. જ્યારે સોમવારે સવારે તળાવમાંથી તેની લાશ મળી આવી હતી.

# ઘોડદોડના ‘ગણગોર ફાસ્ટ ફૂડ’ના છોલે ભટુરેમાંથી વંદો નીકળ્યો, વિડીયો વાયરલ

**બિલ** માગતાં સંચાલકોએ ઈનકાર કર્યો હોવાનો ગ્રાહકનો દાવો, કડક કાર્યવાહી કરવાની માંગ

સુરત : શહેરના પોશ ગણાતા ઘોડદોડ રોડ પર આવેલી જાણીતી ફાસ્ટ ફૂડની દુકાન ‘ગણગોર ફાસ્ટ ફૂડ’માં પીરસવામાં આવેલા ખોરાકમાંથી વંદો મળી આવ્યો હોવાની ફરિયાદ સામે આવી છે.

મળતી માહિતી મુજબ, ગ્રાહક ગણગોર ફાસ્ટ ફૂડમાં છોલે ભટુરેનો ઓર્ડર આપીને નાસ્તો કરી રહ્યા હતા. આ દરમિયાન પ્લેટમાં વંદો દેખાતાં ગ્રાહક ચોંકી ઊઠ્યા હતા. તેમણે આ બાબતે દુકાનના સંચાલકો અને સ્ટાફનું ધ્યાન દોર્યું હતું. જોકે, ગ્રાહકના આક્ષેપ મુજબ, સંચાલકો તરફથી સંતોષકારક જવાબ આપવાને બદલે બેદરકારીભર્યું વલણ અપનાવવામાં આવ્યું હતું. આ મુદ્દે ગ્રાહક અને સંચાલકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો.જાણીતી ખાણીપીણીની જગ્યાએ પીરસાતા ખોરાકમાંથી વંદો મળ્યો હોવાની ફરિયાદ ગ્રાહકોના આરોગ્ય સાથે સંકળાયેલી ગંભીર બાબત છે. ગ્રાહકે મનપાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સમક્ષ ફરિયાદ કરીને તપાસની માગ કરી છે. હવે આરોગ્ય વિભાગ સ્થળ તપાસ કરશે કે નહીં, ખાદ્યપદાર્થોના નમૂના લેશે કે નહીં અને સ્વચ્છતાના નિયમોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરશે કે નહીં, તેના પર નજર રહેશે. ગ્રાહક દ્વારા આઉટલેટ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની અને જરૂર પડે તો સીલ મારવાની પણ માગ કરવામાં આવી રહી છે. જોકે, ખોરાકમાંથી વંદો મળ્યો હોવાના આક્ષેપની સત્તાવાર તપાસ અને પુષ્ટિ થવાની બાકી છે. તપાસ બાદ હકીકત સ્પષ્ટ થાય અને ખાદ્ય સુરક્ષાના નિયમોનો ભંગ જણાય તો જવાબદારો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

### વંદો મળ્યો હોવાના આક્ષેપ બાદ બિલ આપવા પણ ઈનકાર?

ગ્રાહકે ઘટનાના પુરાવા તરીકે બિલ માગ્યું હતું, પરંતુ સંચાલકોએ બિલ આપવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ખોરાકની ગુણવત્તા અંગે ફરિયાદ ઊઠે ત્યારે ગ્રાહકને યોગ્ય જવાબ આપવો અને ખરીદીનું બિલ પૂરું પાડવું એ વ્યવસાયિક જવાબદારીનો મહત્ત્વનો ભાગ છે. આવી સ્થિતિમાં બિલ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હોવાના આક્ષેપે વિવાદને વધુ વેગ આપ્યો છે.

# ગરબા રમીને મોડા ઘરે આવવા મુદ્દે પતિનો ઠપકો, પરિણીતાનો આપઘાત

**પતિ** કામ પર અને બે સંતાન સ્કૂલે ગયાં ત્યારે ઘટના બની, કાકા ઘરે પહોંચ્યા ત્યારે બનાવની જાણ થઈ

સુરત : સરથાણા વિસ્તારમાં ગરબા રમીને મોડે ઘરે આવવા મુદ્દે પતિએ ઠપકો આપતાં પતિ-પત્ની વચ્ચે થયેલી રકઝક બાદ 35 વર્ષીય પરિણીતાએ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગરના વતની નીતિનભાઈ કાકડિયા હાલમાં સરથાણા વિસ્તારમાં સાવલિયા સર્કલ પાસે આવેલા સાવન પ્લાઝામાં 35 વર્ષીય પત્ની કિંજલ અને બે સંતાન સાથે રહે છે. નીતિનભાઈ આંજણા ફાર્મમાં એમ્બ્રોઈડરીનું ખાતું ધરાવે છે. કિંજલ રોજ સોસાયટીમાં ગરબા રમવા જતી હતી અને ઘણીવાર મોડી રાત્રે ઘરે પરત આવતી હતી. રવિવારે રાત્રે પણ કિંજલ ગરબા રમીને મોડી ઘરે આવતાં નીતિનભાઈએ તેને ઠપકો આપ્યો હતો. રોજ મોડું ઘરે આવવાથી સવારે વહેલા ઊઠવામાં મુશ્કેલી પડે છે અને બાળકોને પણ સ્કૂલે જવાનું હોય છે તેમ કહેતાં બંને વચ્ચે રકઝક થઈ હતી.

દરમિયાન સોમવારે સવારે નીતિનભાઈ કામ પર જતા રહ્યા હતા અને બંને સંતાન સ્કૂલે ગયા હતા. આ સમયે કિંજલે ઘરના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. કિંજલના કાકા તેને મળવા ઘરે આવ્યા ત્યારે દરવાજો ખખડાવવા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. જેથી દરવાજો તોડીને તપાસ કરતાં કિંજલ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. આ બનાવ અંગે સરથાણા પોલીસને જાણ કરવામાં આવતાં ASI વિનોદસિંહે વધુ તપાસ હાથ ધરી છે.

### GAP ગ્રુપે ધોલેરામાં હોટેલ હયાત પ્લેસનું કામ શરૂ કર્યું



ધોલેરાઃ ધોલેરાના વિકસતા શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક મહત્ત્વનો ઉમેરો થયો છે. GAP ગ્રુપે હયાત સાથેની ભાગીદારીમાં ફાઇવ-સ્ટાર હોટેલ હયાત પ્લેસ ધોલેરાનું કામ શરૂ કર્યું છે. 20 સ્યુટ્સ સહિત 200 રૂમ ધરાવતી આ હોટેલથી ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી હોટેલ બ્રાન્ડ આવી છે. હોટેલના ખાતમુહૂર્ત સમારોહમાં ગુજરાતના પૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ધંધુકાના ધારાસભ્ય કાળુભાઈ ડાભી હાજર રહ્યા હતા. હયાત ગ્રુપનાં જનરલ મેનેજર સોનાલે ઝાગડેએ હોટેલની ફાઇનલ ડિઝાઇનનું અનાવરણ કરી પ્રોજેક્ટની પ્રથમ ઝલક રજૂ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ GAP ગ્રુપની અખિલમ ટાઉનશિપની મુલાકાત લઈને પ્રસંગની શોભા વધારી હતી. તેમની સાથે ગુજરાતના મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીના સલાહકારો હસમુખ અઢિયા અને એસ. એસ. રાઠોડ, ધોલેરા ઇન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (DICDL)ના મેનેજિંગ ડિરેક્ટર કુલદીપ આર્યા તથા ગુજરાત સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.


ગાયક કૈલાશ ખેરને ગુલદસ્તો આપી દીપક ઈજારદારે સ્વાગત કર્યું હતું.

# સુરતને વધુ હરિયાળું બનાવો, સુફી ગાયક કૈલાસ ખેરની અપીલ

**ઉદ્યોગપતિ** દીપક ઈજારદારના ડુમસ સ્થિત બંગલે કૈલાસ ખેરે શુભેચ્છા મુલાકાત લીધી

સુરતઃ શહેરના ડુમસ વિસ્તારમાં રવિવારે બોલિવૂડના જાણીતા સુફી ગાયક કૈલાશ ખેર ઉદ્યોગપતિ દીપક ઈજારદારના ઘરે મુલાકાતે આવ્યા હતા. પોતાની અનોખી ગાયકીથી કરોડો ચાહકોના દિલ જીતનાર કૈલાશ ખેર સુરતની સુંદરતા અને સ્વચ્છતાથી પ્રભાવિત થયા હતા. ખાસ કરીને દીપક ઈજારદારના બંગલામાં જોવા મળેલી હરિયાળીએ તેમનું ધ્યાન ખેંચ્યું હતું. દિપકભાઈ ઈજારદાર અને તેમના પુત્ર ધ્યેયએ કૈલાશખેરનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

મુલાકાત દરમિયાન કૈલાશ ખેરે સુરત શહેરની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, સુરત ખૂબ સુંદર શહેર છે. સ્વચ્છ અને સુંદર સુરતની સાથે જો ગ્રીન સુરતનું નિર્માણ થાય તો શહેરની સુંદરતામાં અનેકગણો વધારો થઈ શકે છે. દીપક ઈજારદારના બંગલાની હરિયાળીથી પ્રભાવિત થયેલા કૈલાશ ખેરે સુરતવાસીઓને પર્યાવરણની જાળવણી અને વૃક્ષારોપણ માટે પ્રેરણા આપી હતી.

### ‘ગુજરાતમિત્ર’ 163 વર્ષ બાદ પેઢી દર પેઢી પ્રસિદ્ધ થાય તેવી કૈલાસ ખેરેએ શુભેચ્છા પાઠવી

**સવાલઃ** સુરત કેવું લાગ્યું ?

**જવાબઃ** કૈલાશ ખેરે સુરતની મુલાકાત વખતે દોસ્તીના મહિમાને બિરદાવ્યો હતો. તેમને સુલતાનાબાદની ખાસ મુલાકાત ફ્રાંસના હોટેલીયર અરવિંદ આહિરના કહેવાથી કરી હોવાનું કહ્યું. ફ્રાંસમાં અનેક વખત તેઓ અરવિંદભાઈ સાથે મુલાકાત કરતા આવ્યા છે.

**સવાલઃ** સુરતના લોકોને શું સંદેશ આપશો?

**જવાબઃ** સુરત ખુબ સુંદર શહેર છે. સ્વચ્છ સુરત અને સુંદર સુરતની સાથે જો હરિયાળું સુરત પણ બની જાય તો સુરત જેવું કોઈ શહેર નહીં હોય. એટલે લોકોએ આ ઔદ્યોગિક શહેરમાં હરિયાળી જાળવવા અને વધારવા પર પણ ધ્યાન આપવું જોઈએ.

**સવાલઃ** સુરતમાં ગરબા તરફ પ્રયાણ કેમ નથી કરતા?

**જવાબઃ** સુરતમાં દેશના સૌથી સારા ગરબા રમાય છે. હજી સુધી મને એવી અવસર નથી મળી પણ જો ભવિષ્યમાં એવી અવસર આવશે તો ગરબા તરફ પણ પ્રયાસ કરીશ.

**સવાલઃ** ડુમસની સિનસિનેરી કેવી લાગી?

**જવાબઃ** ડુમસ સુરતનો સૌથી સુંદર અને હરિયાળો વિસ્તારમાં એક છે. દરિયા કિનારા સાથે શહેરની નજીક આટલું સરસ ગામ ખરેખર આકર્ષક છે. તેમાયે દિપકભાઈના ઘરની આસપાસની હરિયાળી હજી સુંદર લાગે છે.

**સવાલઃ** ‘ગુજરાતમિત્ર’ ન્યુઝ પેપર વિશે શુ કહેશો?

**જવાબઃ** ગુજરાતમિત્ર દસકો નહીં પરંતુ સદીઓથી ચાલે છે. દોઢ સદી પછી પણ લોકોને તેની સાથેનું જોડાણ તેની લોકપ્રિયતા અને વિશ્વસનિયતા બરકરાર છે. 163 વર્ષ જુના ન્યુઝ પેપરને હજી પેઢીઓ દર પેઢી પ્રસિદ્ધ થતું રહે તેવી શુભેચ્છા આપું છું.

# મનપા કચેરીમાં ભાજપના કાર્યકરે મેયરના પાર્કિંગમાં ગાડી ઘુસાડી દીધી

**સિક્યોરિટી** ગાર્ડે અટકાવ્યા તો ‘મેયરને બુલાયા હૈ ગાડી યહી રહેગી’ કહી ધોંસ જમાવવા પ્રયત્ન કર્યો



સુરત : સુરત મહાનગરપાલિકાના મુખ્યાલય તાપી ભવનમાં ભાજપનો એક કાર્યકર ગાડી લઈને મુખ્ય ગેટથી સીધો પાલિકાના કેમ્પસમાં ઘૂસી ગયો હતો. એટલું જ નહીં, મેયરની ગાડી પાર્ક કરવા માટે અનામત રાખવામાં આવેલી જગ્યાએ જ પોતાનું વાહન ખડકી દીધું હતું. સિક્યોરિટી ગાર્ડ અને વોર્ડ એન્ડ વોચના કર્મચારીઓએ ગાડી બહાર લઈ જવાનું કહેતા કાર્યકરે સહકાર આપવાને બદલે તેમની સાથે રકઝક કરી હતી.

જાણે પાલિકાનું મુખ્યાલય સરકારી કચેરી નહીં, પરંતુ પોતાનો અંગત અડ્ડો હોય તેવી તુમાખી દેખાડતાં સુરક્ષા વ્યવસ્થાની પોલ ખૂલી ગઈ હતી.

પાલિકાના મુખ્યાલયમાં સામાન્ય નાગરિકો રજૂઆત કરવા કે આવેદનપત્ર આપવા આવે ત્યારે પ્રવેશની નોંધણી, એન્ટ્રીની ચિઠ્ઠી અને સાથેના સામાનની તપાસ સહિતની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. મુખ્ય ગેટ પર સુરક્ષા કર્મચારીઓ તહેનાત છે અને કચેરીની સુરક્ષા માટે વોર્ડ એન્ડ વોચના કર્મચારીઓ પણ ફરજ બજાવે છે. આમ છતાં ભાજપનો કાર્યકર ગાડી લઈને સીધો અંદર સુધી પહોંચી ગયો અને મેયર માટે અનામત પાર્કિંગમાં વાહન ઊભું રાખી દીધું. તો પછી મુખ્ય ગેટ પર તહેનાત સુરક્ષા કર્મચારીઓની જવાબદારી શું હતી, તેવો સવાલ ઊઠવો સ્વાભાવિક છે. ગાડી બહાર લઈ જવા માટે સુરક્ષા કર્મચારીઓએ કહેતા કાર્યકરે મેયરને મળવા આવ્યો હોવાની દલીલ કરી હતી. હિન્દીમાં વાત કરતાં તેણે ‘મેયરને બોલાયા હે તો ગાડી અંદર હી પાર્ક કરુંગા’ કહી વાહન બહાર લઈ જવાનો ઈનકાર કર્યો હતો. કર્મચારીઓ સાથે રકઝક કરીને ધોંસ જમાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. જાણે મેયરને મળવા આવવું એટલે સુરક્ષાના નિયમો બાજુએ મૂકવાની છૂટ મળી ગઈ હોય! જોકે, થોડા સમય સુધી ચાલેલી રકઝક બાદ આખરે ગાડી બહાર કાઢવામાં આવી હતી.

# 58 કફ સિરપની બોટલના કેસમાં ત્રણ હત્યાના આરોપી ઈમરાન ભરવાડની ધરપકડ

સુરતઃ ગત બુધવારે સાંજે પુણા પોલીસની ટીમે પરવટ પાટિયા સ્થિત સાંઈબાબા મંદિર નજીક બાઈક પર સવાર બે યુવકને અટકાવી કોડિનયુક્ત કફ સિરપની 58 બોટલ કબજે કરી વીપીન સામત બાવલિયા (રહે.,રવિપાર્ક સોસાયટી, કાપોદ્રા) અને દિનેશ કરમશી વેરણ (રહે.,કલ્યાણ કુટિર સોસાયટી, નાના વરાછા)ને અટકાયતમાં લીધા હતા. બંનેએ ભાઠેના બ્રિજ નીચે નશાખોરોને સિરપ વેચતા સાહીદ નામના શખ્સ પાસેથી બોટલો મેળવી હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસે સાહીદને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી હતી. બીજી તરફ તપાસ દરમિયાન પોલીસને સિરપનો જથ્થો પૂરો પાડનાર ઈમરાન ઉર્ફે ઈમરાન ભરવાડ મોહમદ સૈયદ અંગે બાતમી મળી હતી. તેના આધારે પોલીસે કામરેજ સ્થિત ક્રિષ્ના હાઈટ્સમાં રહેતા અને મૂળ અમરેલીના વતની ઈમરાનની ધરપકડ કરી હતી.

### હર્ષ સંઘવી સાથે જાપાન-દક્ષિણ કોરિયાના બિઝનેસ ડેલિગેશનમાં સુરતના પાર્થ સરાવગી જોડાશે



સુરતઃ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં પ્રસ્તાવિત જાપાન અને દક્ષિણ કોરિયાના બિઝનેસ ડેલિગેશનમાં સુરતના પ્રતિષ્ઠિત લક્ષ્મીપતિ ગ્રુપના યુવા ડિરેક્ટર પાર્થ સરાવગી જોડાશે. આ આંતરરાષ્ટ્રીય પ્રવાસમાં તેઓ સુરતના ઉદ્યોગજગતનું પ્રતિનિધિત્વ કરશે. જાપાન અને દક્ષિણ કોરિયાના પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય વેપારી સંબંધોને મજબૂત બનાવવા, રોકાણની નવી તકો શોધવા અને ભારતીય ઉદ્યોગો માટે વૈશ્વિક સ્તરે સહયોગના માર્ગો ખોલવાનો છે. પ્રવાસ દરમિયાન બંને દેશોના ઉદ્યોગપતિઓ સાથે વ્યાવસાયિક તકો અને વેપારવૃદ્ધિ અંગે ચર્ચા થવાની અપેક્ષા છે.

# નવી સિવિલમાં EEG ટેકનિશિયનની નિમણૂક, ન્યુરોલોજીના દર્દીને રાહત

**સિવિલમાં** હવે મગજની તપાસ મફતઃ ખાનગી હોસ્પિટલના રૂપિયા 5 હજાર સુધી બચશે



સુરત : નવી સિવિલ હોસ્પિટલમાં મગજ અને ચેતાતંત્રના રોગોથી પીડાતા દર્દીઓ માટે EEG (ઈ.ઈ.જી.) ટેક્નિશ્યનની કરાર આધારિત નિમણૂક કરવામાં આવી છે. ન્યુરોલોજી વિભાગના વડા ડો.હરેશ પારેખના માર્ગદર્શન હેઠળ આ નિમણૂક કરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલોમાં EEG તપાસ માટે અંદાજે રૂપિયા 4થી 5 હજારનો ખર્ચ થાય છે, જ્યારે સિવિલ હોસ્પિટલમાં આ તપાસ વિનામૂલ્યે કરવામાં આવશે.

વાઈના હુમલા, બેભાન થવા પાછળનાં કારણો, ઊંઘની કેટલીક સમસ્યાઓ અને મગજની ગંભીર ઈજાના મૂલ્યાંકનમાં આ તપાસ ઉપયોગી બને છે. જ્યારે NCV તપાસ દ્વારા ચેતાઓમાં વિદ્યુત સંદેશા કેટલી ઝડપથી પસાર થાય છે તે જાણી શકાય છે. ન્યુરોપથી, ગુલેન-બારે સિન્ડ્રોમ (GBS), CIDP અને કાર્પલ ટનલ સિન્ડ્રોમ જેવી બીમારીઓના નિદાનમાં તે મદદરૂપ થાય છે. હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ આર.એમ.ઓ. ડો. લક્ષ્મણ ટહિલાણી અને કિડની બિલ્ડિંગના નોડલ ઓફિસર ડો. ભરત ચાવડાના સંકલનથી નવી સેવાઓ કાર્યરત કરવામાં આવી રહી છે. આ સુવિધાથી દર્દીઓને સમયસર તપાસ અને યોગ્ય સારવાર મેળવવામાં મદદ મળશે.



# સુટેક્ષ બેંકમાં કમલવિજયના નામે ઓડિટોરિયમનું લોકાર્પણ

સુરત : ધી સુટેક્ષ કો-ઓપરેટિવ બેંક લિ. સાથે સંકળાયેલા કમલવિજય તુલસિયાનની બેંકિંગ ક્ષેત્રે ૫૦ વર્ષની ગૌરવપૂર્ણ સફર નિમિત્તે તેમના હસ્તે ‘કમલવિજય તુલસિયાન ઓડિટોરિયમ’નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

પાંચ દાયકાની તેમની કાર્યસફર સમર્પણ, નિષ્ઠા, અનુભવ અને સંસ્થા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતિક બની રહી છે. આ પ્રસંગે નિર્મલભાઈ (જેઠાભાઈ) વખારીયા, નિમેષભાઈ બચકાણીવાલા, અશ્વિનભાઈ દેસાઈ, ડો. દક્ષેશ ઠાકર, જીતુભાઈ વખારીયા, રવિન્દ્રભાઈ ધોરાભાઈ, શરદચંદ્ર કાપડીયા તથા પ્રભાતસિંહ સોલંકી વતી જયરાજસિંહ સોલંકીએ વક્તવ્ય આપી કમલભાઈને અભિનંદન પાઠવ્યાં હતાં. વક્તાઓએ જણાવ્યું હતું કે તેમની સફળતામાં વર્ષોની મહેનત, અનુભવ અને જવાબદારીની સાથે ધર્મપત્ની પ્રેમિલાબેન તુલસિયાનનો સાથ-સહકાર પણ મહત્ત્વનો રહ્યો છે. ઓડિટોરિયમમાં ભવિષ્યમાં બેઠકો, સભાઓ, શૈક્ષણિક કાર્યક્રમો અને સામાજિક પ્રવૃત્તિઓ યોજાશે. ઉપસ્થિત સભાસદો અને શુભેચ્છકોએ તેમને દીર્ઘાયુષ્યપૂર્ણ જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

### હોમગાર્ડ જવાનો માટે નિઃશુલ્ક નેત્ર નિદાન અને ચશ્મા વિતરણ શિબિર યોજાઈ

સુરત : સેવા, સંવેદના, સ્નેહ અને સમર્પણના સૂત્રને સાર્થક કરતા હોમગાર્ડ જવાનો માટે વિશ્વ દૃષ્ટિ દિવસ નિમિત્તે બહુમાળી ભવન, નાનપુરા ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન અને ચશ્મા વિતરણ શિબિર યોજાઈ હતી. નરેન્દ્ર મોદીજીના 25મા સેવા વર્ષ નિમિત્તે યોજાયેલા આ આયોજનમાં લાયન્સ ક્લબ ઓફ સ્માર્ટ સિટી દ્વારા લોકદૃષ્ટિ ચક્ષુ બેંકના સહયોગથી નેત્ર સુરક્ષા અભિયાન હાથ ધરાયું હતું. કમાન્ડન્ટ ડો. પ્રફુલ્લભાઈ શિરોયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી શિબિરમાં મહિલા એકમના 123 અને એ ઝોનના 154 મળી કુલ 277 હોમગાર્ડ જવાનોએ લાભ લીધો હતો.આ પ્રસંગે ડો. પ્રફુલ્લભાઈ શિરોયા સહિત લાયન્સ ક્લબના સભ્યો અને દિનેશભાઈ જોગાણીએ સેવા આપી હતી. આયોજનને સફળ બનાવવા સેકન્ડ કમાન્ડન્ટ પ્રણવ ઠાકર, સ્ટાફ ઓફિસર કૈઝાદ વાડિયા, એ ઝોનના ઓફિસર કમાન્ડિંગ સુનીલ મૈસુરિયા અને મહિલા એકમનાં ધોંડુબેન શિંદેએ સહયોગ આપ્યો હતો. દિનેશભાઈ જોગાણીએ હોમગાર્ડ જવાનોની નિઃસ્વાર્થ સેવાને બિરદાવી નેત્ર સુરક્ષા અને નેત્રદાન અંગે જાગૃતિ ફેલાવવા અપીલ કરી હતી.

### ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા “સફાઈ મિત્ર સુરક્ષા અને સન્માન શિબિર” યોજાઈ



સુરતઃ ગુજરાત ગ્રામીણ બેંક, સુરત રિજિયન ઓફિસ દ્વારા “સ્વચ્છતા હી સેવા અભિયાન-2026” અંતર્ગત SMC ઈસ્ટ ઝોન-B ખાતે “સફાઈ મિત્ર સુરક્ષા અને સન્માન શિબિર”નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત ગ્રામીણ બેંકના રીજિયોનલ મેનેજર રાજ કપૂર , ડે. રીજિયોનલ મેનેજર એસ. બી. મેંદપરા સાહેબ, બેંક સ્ટાફ તથા SMCના નાયબ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. અર્પિત ડી. દુધવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં સફાઈ કર્મચારીઓને સ્વચ્છતા કીટનું વિતરણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું તેમજ તેમને PMJJBY, PMSBY અને APY જેવી સરકારની સામાજિક સુરક્ષા યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.